<u>**બીડ ની શરતો**</u>

બિડર દ્વારા ભરાયેલ ઓનલાઈન ભાવપત્રક નીચેની શરતોના પાલનના કિસ્સામાં જ ખોલવામાં આવશે. નીચે જણાવેલ શરતોનું પાલન ન કરવાના કિસ્સામાં બીડર દ્વારા ભરાયેલ ભાવપત્રક ખોલવામાં આવશે નહિ તથા બીડ ભરેલ એજન્સીની બીડ રદ ગણવામાં આવશે.

માંગેલા દરેક દસ્તાવેજોની સ્વપ્રમાણિત નકલ (n)-Procure પોર્ટલમાં અપલોડ કરવાની રહેશે.

1. **પેઢી/સંસ્થા/કંપની યોગ્યતા :**
   - 1.1. બીડ કરનાર વ્યક્તિ/પેઢી/સંસ્થા/કંપની ગુજરાત રાજ્યમાં નોંધાયેલ હોવી જોઈએ. જીએસટી સર્ટીફીકેટ પર દર્શાવેલ સરનામું કાયમી સરનામાં તરીકે ધ્યાને લેવામાં આવશે.
   - 1.2. જો બીડ કરનાર વ્યક્તિ/સંસ્થા/કંપની ભાગીદારી પેઢી હોય તો ભાગીદારી દસ્તાવેજની નકલ રજુ કરવાની રહેશે અને જો બીડ કરનાર ફર્મ કંપની અધિનિયમ અથવા સહકારી મંડળી અધિનિયમ હેઠળ નોધાયેલ હોય તો તે અંગેના દસ્તાવેજ ની નકલ રજુ કરવાની રહેશે. જો કોઈ કિસ્સામાં પાવર ઓફ એટર્ની આપવામાં આવેલ હોય તો, પાવર ઓફ એટર્ની ના નોટરાઈજ્ડ દસ્તાવેજની નકલ રજુ કરવાની રહેશે.
   - 1.3. બીડ કરનાર વ્યક્તિ/પેઢી/સંસ્થા/કંપનીના જીએસટી સર્ટીફીકેટ, પાન કાર્ડ નકલ રજુ કરવાની રહેશે.
   - 1.4. બીડ કરનાર વ્યક્તિ/પેઢી/સંસ્થા/કંપની સરકારશ્રીની કોઈ કચેરી/સંસ્થા/વિભાગ દ્વારા બ્લેકલિસ્ટેડ નથી તથા બેંક/નાણાકીય સંસ્થા દ્વારા ડીફોલ્ટર જાહેર કરવામાં આવેલ નથી તે મતલબનું સોગંદનામું રજુ કરવાનું રહેશે.
   - 1.5. સહી કરેલ બિડિંગ દસ્તાવેજ તેમજ ઉપર દર્શાવેલ તમામ સ્વ – પ્રમાણિત દસ્તાવેજો બીડના તમામ નિયમો અને શરતોની સ્વીકૃતિ અર્થે તમામ પેઈજ પર સહી તથા સિક્કા સાથે રજુ કરવાની રહેશે.
   - 1.6. ઉપર દર્શાવેલ તમામ નકલોના અસલ દસ્તાવેજો જયારે ચકાસણી હેતુ માટે રજુ કરવા જણાવવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.

**2. OEM ની યોગ્યતા:**

સીસીટીવી કેમેરા માટેના OEM (સીસીટીવી બનાવનાર મેન્યુફેક્ચરિંગ કંપની) ના નીચે મુજબના જરૂરી સર્ટીફીકેટ રજુ કરવાના રહેશે.

2.1 OEM ઓથોરાઈઝેશન સર્ટીફીકેટ (MAF)

2.2 બીડમાં માગવામાં આવેલી શરત અનુસાર CCTV કેમેરા માટેનું STQC મોડેલ પ્રમાણપત્ર રજુ કરવાનું રહશે.

2.3 OEMનું જીએસટી સર્ટીફીકેટ રજુ કરવું.

2.4 CMMI 5, ISO 27032:2012, ISO 45001:2018, CE, FCC, BIS સર્ટીફીકેટ ધરાવતા કેમેરા, NVR જ માન્ય ગણાશે. તે મુજબના જરૂરી સર્ટીફીકેટ રજુ કરવાના રહેશે.

2.5 પ્લગ અને પ્લે રીમોટ વ્યુંઈંગ માટે OEM પાસે કલાઉડ સર્વિસીસ હોવી જોઈએ. આ માટેનું કલાઉડ સર્વર પ્રજાની ગોપનીયતા અને માહિતીની સુરક્ષા જળવાય તે માટે ભારતમાં હોવું જોઈએ.જે માટેની OEMની બાહેધરી અને GDPR (GENERAL DATA PROTECTION REGULATION) સર્ટીફીકેટ રજુ કરવું.

2.6 પ્રસ્તાવિત સીસીટીવી કેમેરા અને તેના ઘટકોના મોડેલ બે વર્ષના સમયગાળામાં બંધ ન થાય તે અંગેની બાહેધરી રજુ કરવી અને જો ટેકનોલોજી એડ્વાન્સ થવાના કારણે એ મોડેલની અવધી પર્ણ થઇ જાય તો OEM તેને સમકક્ષ કે તેનાથી ઉચ્ચ મોડેલ પુરૂ પાડવાનું રહેશે.

2.7 પ્રસ્તાવિત મોડલ/OEM કોઈપણ સરકારી સંસ્થા દ્વારા પ્રતિબંધિત હોવી જોઈએ નહિ જે અંગેનું OEM નું બાહેધરી પત્રક રજુ કરવું.

2.8 OEM પાસે ગુજરાત રાજ્યમાં ઓછામાં ઓછા ત્રણ સર્વિસ સેન્ટર નોધાયેલ હોવા જોઈએ.

2.9 સીસીટીવી OEM ની બ્રાંડ ભારત દેશમાં છેલ્લા દસ વર્ષથી સ્થપાયેલી હોવી જોઈએ અને મેક ઇન ઇન્ડિયા (MII) સપોર્ટ માટે OEMની ફેક્ટરી છેલ્લા પાંચ વર્ષથી ભારત દેશમાં કાર્યરત હોવી જોઈએ જે અંગેની જરૂરી બાહેધરી અને (TM અને COI) સર્ટીફીકેટ રજુ કરવા.

2.10 આ કંપની ઓછામાં ઓછા પાંચ વર્ષથી વધારેનો ભારતમાં ઉત્પાદન તથા વેચાણનો અનુભવ ધરાવતી હોવી જોઈએ

## 3. બીડની સામાન્ય શરતો:

3.1. બધાજ સીસીટીવી કેમેરાની સીસ્ટમના ઘટકો જેવાકે કેમેરા, NVR/POE SWITCH/CABLE વગેરે એકજ કંપનીના હોવા જોઇએ. જેથી તેનો વિઘ્નરહિત સમન્વય કરી શકાય અને ઉપયોગ સરળ રહે. પ્રાસ્તાવિક મોડલોના કેટલોગ રજુ કરવા.

3.2. કોઈ પણ પ્રકારની શરતી બીડ સ્વીકારવામાં આવશે નહિ અને આવી બીડ રદ થવાને પાત્ર રહેશે.

3.3. કેમેરા તથા અન્ય ઘટકોના ભાવો તેની સાથે ઉપયોગમાં લેવાતી તમામ એસેસરીઝ સાથેના ભરવાના રહેશે અને તેનું ઈંસ્ટોલેશન કરી તે અંગેની પૂરી સમજણ પણ આપવાની રહેશે. જેના માટે કોઈ વધારાનો ખર્ચ કચેરી તરફથી આપવામાં આવશે નહિ.

3.4. સપ્લાઈ કરતા પહેલા બીડર દ્વારા પ્રોડક્ટનો પ્રાસ્તાવિક નમુનો (SAMPLE) ખરીદ કરનાર સંસ્થા ખાતે અપ્રુવલ માટે રજુ કરવું ફરજીયાત રહશે, બિડરે સેમ્પલ એપ્રુવલ સર્ટીફીકેટ મેળવવું આવશ્યક રહશે. જો બીડર દ્વરા સેમ્પલ એપ્રુવલ સર્ટિફિકેટ મેળવવામાં નહિ આવે તો બીડર ગેરલાયક (DISQUALIFY) ગણાશે. આ બાબત માં બીડર દ્વારા કોઈપણ દલીલ કે સ્પષ્ટતા સ્વીકારવામાં નહિ આવે, અને ખરીદ કરનાર સંસ્થાનો નિર્ણય અંતિમ ગણાશે.

3.5. બીડ મંજુર થયા પછી બીડર તેમની કિંમતો પછી ખેચી શકશે નહિ. જો બીડર તેમ કરે છે તો, આવા બીડરને ભવિષ્યમાં બીડ કરવામાટે નિયમોનુસાર ગેરલાયક ઠરાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

3.6. નિયત સમય મર્યાદામાં પ્રાપ્ત થયેલ ટેન્ડરના ભાવ પત્રક સક્ષમ અધિકારી દ્વારા નિયુક્ત કરાયેલ સમિતિ સમક્ષ ખોલવામાં આવશે. સુચના મુજબ જરૂરી દસ્તાવેજો જોડેલા ન હોય અને જરૂરી લાયકાત ધરાવતા ન હોય તેવી બીડ સક્ષમ અધિકારીના / નિયુક્ત કરાયેલ સમિતિના નિર્ણય અનુસાર રદ કરવામાં આવશે. જે બિડરોએ નિયમો મુજબ તેમની પૂર્વ લાયકાતો સાથે બીડ ભરી છે અને જરૂરી આધાર પુરાવા રજુ કરેલ છે તે જ બીડરોના નિયત રીતે ભરેલ ભાવ પત્રક ખોલવામાં આવશે.

3.7. બીડ સ્વીકારવાનો અથવા બીડ ન સ્વીકારવાનો અબાધિત અધિકાર જે તે બીડ મંજુર કરનાર અધિકારીશ્રીનો રહેશે. અથવા કોઈપણ કારણ આપ્યા વિના રજુ કરાયેલ કોઈપણ બીડ સ્વીકારવાનો અથવા કોઈપણ બીડ ન સ્વીકારવાનો અબાધિત અધિકાર જેતે બીડ મંજુર કરનાર અધિકારીશ્રીનો રહેશે.

3.8. કચેરી જે મુજમ ફાળવણી નો આદેશ આપે તે મુજબ સેવા/સામગ્રીઓ ઓફીસ મુજબ વિભાજીત કરી જે તે ઓફીસ સુધી પહોચતી કરવાની રહેશે. જેના માટે કોઈ વધારાનો ટ્રાન્સપોટેશન/મજુરી ખર્ચ કચેરી તરફથી આપવામાં આવશે નહિ.

3.9. બીડર દ્વારા (n)-Procure પોર્ટલ મારફતજ બીડ પ્રક્રિયામાં ભાવો ભરવાના રહેશે. કોઈપણ સંજોગોમાં બંધ કવર/ઈ મેઈલ /કાગળ/ફેક્સથી મોકલેલા ભાવો માન્ય રહેશે નહિ.

3.10. બીડ કરનાર દ્વારા પૂરી પાડવામાં આવતી સામગ્રી સારી ગુણવત્તાની હોવી જોઈએ અને જ્યાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે તે સ્પષ્ટીકરણ મુજબ સેવા/સામગ્રી પૂરી પડવાની રહેશે.

3.11. બીડમાં દરેક વસ્તુ/સેવાની કિંમત, તમામ કરવેરા તથા મજુરી અને પરિવહન ખર્ચ સાથેની ભરવાની રહેશે. બીડ મંજુર કરનાર તરફથી કોઈપણ પ્રકારનો ટેક્ષ/વેરો/ચાર્જીસ અલગથી ચુકવવામાં નહિ આવે. તમામ પ્રકારના ટેક્ષ ભરવાની જવાબદારી ટેન્ડરર ની રહેશે.

3.12. જે પ્રમાણે જરૂરિયાત ઉપસ્થિત થશે તે પ્રમાણે ઓર્ડર આપવામાં આવશે, જથ્થાના વધારા કે ઘટાડા અંગે બીડર કોઈ વાંધો લઇ શકાશે નહિ અને બીડ મંજુર કરતા અધિકારી દ્વારા જણાવવામાં આવશે તેટલો જથ્થો આપવા માટે બીડર બંધાયેલ રહેશે.

3.13. બીડ મંજુર કરનારની પૂર્વ મંજુરી મેળવ્યા વગર, બીડર આ કામગીરી અન્ય કોઈપણ વ્યક્તિને/પેઢીને પેટા કોન્ટ્રકટથી સોપી શકાશે નહિ. જો આવી આગોતરી મંજુરી બીડ મંજુર કરનાર તરફથી આપવામાં આવી હોય તો પણ તેની સંપૂર્ણ જવાબદારી બીડરની રહે છે.

3.14. જો બીડર વર્કઓડર મુજબના નિયત સ્થળે તથા સમય મર્યાદામાં સેવા/સામગ્રી પુરા પાડવામાં નિષ્ફળ જાય તો તેવા કિસ્સામાં અન્ય રીતે સેવા/સામગ્રી મેળવવાની થાય તો આ માટે થતો વધારાનો ખર્ચ/નુકશાનની રકમ કોન્ટ્રાક્ટર/બીડર પાસેથી તેઓના અન્ય બીલ અથવા જમા સિક્યોરીટી ડીપોઝીટની રકમમાંથી અથવા બાકી જમીન મહેસુલ તરીકે વસુલ કરવામાં આવશે.

3.15. જ્યાં સુધી કામ પૂરું ન થાય ત્યાં સુધી બીલ પેટે કોઈ રકમ એડવાન્સ મેળવી શકાશે નહિ.

3.16. નિયમો અનુસાર ચુકવવા પાત્ર TDS / GST ની રકમ બાદ કર્યા પછી જ બીલની રકમ ચુકવવામાં આવશે.

3.17. પ્રસ્તુત કામ બાબતે સરકારશ્રી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા ઠરાવો જોગવાઈઓ અને સૂચનાનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ કામગીરી કરવાની રહેશે.

- સંમતિ :

  હું જાહેર કરું છું કે :-

  - મે/અમે બીડની તમામ શરતોનો અભ્યાસ કર્યો છે
  - મને / અમને આ બીડ હેઠળ પૂરી પાડવામાં આવનારી તમામ સેવાઓ / સામગ્રી વિશે જાણકારી મળી છે.
  - આ બીડમાં આવતી તમામ વિગતો સાચી છે. જેને માટે હું / અમે સંપૂર્ણપણે જવાબદાર છીએ.
  - હું / અમે આ બીડની તમામ શરતો સ્વીકારીએ છીએ. જેના માટે મે/અમે નીચે સહી કરી છે. આ શરતો બીડ સાથે શામેલ છે.

  તા.

  સ્થળ :

  નામ :

  સહી :